GJVD021123012025

# ૧૮ માં એડી.ચીફ.જ્યુડી. મેજી., શ્રી. પી.એસ. રાઠોડ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.

**ફોજદારી કેસ નંબર– ૧૦૩૪૨૦/૨૦૨૫**
આંક–

ફરિયાદી : શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી : (૧) ચાંદભાઈ મલંગભાઈ શેખ
રહે. હાજી મહોલ્લો, ભાંડવાડા, વડોદરા.

**ગુન્હો : જુગારધારા કલમ–૧૨ મુજબ.**

**ચૂ કા દો**

૧. ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ જુગારધારા કલમ– ૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓએ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને ફરિયાદ અને દસ્તાવેજની નકલ આપી, આ ગુનો સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજુ કરતાં, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનુ જણાવે છે, ફરિયાદપક્ષે રજુ ફરિયાદ, આરોપીઓની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૬૪ અન્વયે જુગારધારા કલમ-૧૨ મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી **આરોપીને રૂા. ૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા)** દંડની સજા ફરમાવુ છુ, તથા આરોપીઓને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ના ભરે તો આરોપીને દિન-૦૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપીઓએ નો કલેઇમ પુરસીસ આપેલ હોય આરોપીના અંગઝડતીના નાં ણા સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૯/૨૦૨૫
વડોદરા.

(પુષ્પેન્દ્રસિંહ રાઠોડ)
૧૮ માં એડી.ચીફ.જયુડી. મેજી.,વડોદરા.
કોડ નં. જીજે. ૦૧૧૩૪

**રસીદ નં.** ..........................,
**દંડ રૂ.** ..........................,

નાઝર